| | |
|---|---|
| PUBLICATION NAME : | Divya Bhaskar |
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/09/2022 |
| PAGE: | 03 |

# વ્યવસાય હોય કે જીવન દરેક પરિસ્થિતિમાં શિસ્ત એ સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે: ડો. જે. એમ. વ્યાસ

અમદાવાદ | આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈ)માં મંગળવારે ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. જે. એમ. વ્યાસે વી. જી. પટેલ મેમોરિયલ લેક્ચરની ચોથી સિરીઝમાં ‘ઉદ્યોગ સાહસિકો માટે સફળતા કેવી રીતે નિર્ધારિત કરવી’ વિષય પર સંબોધન આપતા કહ્યું કે, ‘વ્યવસાય હોય કે જીવન, દરેક પરિસ્થિતિ અને પરિણામની પ્રક્રિયામાં શિસ્ત સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે. આપણે એક વ્યક્તિ ઉદ્યોગ સાહસિક તરીકે નિર્ધારિત કરેલાં લક્ષ્યાંકો અને પસંદ કરેલા વિકલ્પોનું મૂલ્યાંકન કરવું પડશે. સાથે જ આપણી 100 ટકા ક્ષમતા સાથે કામ કરવું પડશે.